


"જુઓને વરસાદ પણ ખરૂ કરે છે."

"કેમ ? વરસાદ વરસાદનું કામ કરે છે. એમાં તમને શું છે ..?!"

"અરે સાહેબ જે પ્રમાણે ગાજે છે, જે પ્રમાણે ઘેરાય છે એ પ્રમાણે વરસતો નથી એની વાત કરૂ છું.'

'અ...હં... એટલે જેટલો વરસવો જોઈએ, જેવો વરસવો જોઈએ એવુ નથી એમજ ને..!"

"હા...હા... બીલકુલ એવું. મોટા સાહેબ જેવું..!"

"એટલે..? વરસાદમાંય રાજકારણની વાત.. ખરાં છો તમે. શું કહેવાનુ બાકી છે, કહી નાંખો."

"સાહેબ, જોયો નહી આરબીઆઈનો રીપોર્ટ ? એમાં દર્શાવ્યુ છે કે ૯૯ ટકા જુની નોટો જમા થઈ ગઈ. તો કાળા નાણાં ક્યા ગયા..?"

"તમને પાણીમાંથી પોરાં કાઢવાની ટેવ છે, અરે હવે જુઓ બધા વ્યવસાય વ્હાઈટના થઈ ગયા. એ કેમ કહેતા નથી..?!"

"કહેવાનુ અમારે ક્યાં છે સાહેબ, રીઝર્વ બેંક કહે છે. દેશના અર્થશાસ્ત્રીઓ કહે છે કે ખોદ્યો ડુંગર અને નીકળ્યો ઉંદર. એક ટકા માટે નોટબંધી કરી હતી..?! ડુપ્લીકેટ નોટો કેટલી પકડાઈ એનો હિસાબ તો કાઢો..? આતંકવાદ અને ભ્રષ્ટાચાર કેટલો બંધ થયો કહો જોઈએ..?!"

"જો ભઈ કાળા નાણાં ઓછા થયા છે એ તો તમારે સ્વીકારવું જ પડશે. રહી ભ્રષ્ટાચાર અને આતંકવાદની વાત. એમાં અમારા પ્રયાસો ચાલુ છે. પરિણામ આવે એટલે જોજોને..!"

"આ...હા... અમે તો પરિણામ જોયા જ છે... ત્રણ વરસથી. અચ્છે દિન આયેંગે... એવી લોલીપોપ હજુ પ્રજા ચગળે છે."

"એટલે અમે તો કહેતાં જ હતાં કે આ બધુ અઘરૂ છે, પણ તમારાં સાહેબ મોટી મોટી ગર્જનાઓ કરી કહેતા કે..."

"હા એજને. જે તમને ખૂંચે છે, જે તમને ખટકે છે. દેશ આજે પણ પ્રગતિ કરે છે."

"ઓ...હો...હો... તમને બધે પ્રગતિ જ દેખાય છે. પણ એ બધી કાગળ ઉપર છે. ધરતી ઉપર તો દશા બગડતી જાય છે. બગડતી.."

"ના ભઈ ના... ખોટી વાત છે તમારી. એક પછી એક રાજ્યોમાં અમારા સાહેબ જીતતા જાય છે અને તમારી ભૂંડી હાર સહેવાય એવી રહી નથી."

"સાહેબ હાર ને જીત એ પક્ષોની વાત છે. પ્રજાની વાત નથી. પ્રજા તો એટલુ ઈચ્છે છે કે પીડા મુક્ત ભારત થવુ જોઈએ, સમસ્યા મુક્ત ભારત થવુ જોઈએ, અરાજકતા મુક્ત ભારત થવુ જોઈએ અને ત્યારે જ અચ્છે દિન અનુભવાશે..."

"તમે બહુ કહી નાંખ્યુ. તમારી વેદનામાં વાસ્તવિકતા છે. વહીવટીતંત્રએ શાસકોને ખુશ કરવા માત્ર કાગળ પર વિકાસ કે પ્રગતિ દર્શાવવાની જરૂર નથી. પ્રજા સુધી વિકાસના ફળ પહોંચે અને પ્રગતિની અનુભૂતિ થાય એવા માહોલની આવશ્યકતા છે. જયજયકાર કોઈ વ્યક્તિ કે પક્ષનો નહિ પરંતુ દેશનો થવો જોઈએ..."

- નિમિત્ત માત્ર

# આરટીઓ કચેરી સામે જ ટ્રાફિક નિયમનનો ખુલ્લેઆમ ભંગ

**માર્ગ સલામતી જોખમમા : ગ-માર્ગ પર આડેધડ ખડકાતા વાહનોના લીધે રોજબરોજ અકસ્માતો સર્જાય છે : સ્થાનિક રહીશો ત્રાહીમામ**

ગાંધીનગર તા ૩૧

નગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીમાં છેલ્લા બે વર્ષથી પાર્કીંગની સમસ્યા પેચીદી બની છે. આર ટી ઓ કચેરીના કેમ્પસમાં વાહનો પાર્ક કરવા માટે જગ્યા નથી. જેના લીધે ગ માર્ગ પર રોજબરોજ આડેધડ વાહનો ખડકાય છે. નગરજનોને ટ્રાફિક નિયમનના ભંગ બદલ દંડ વસુલી કરવામાં મોખરે રહેતી આર ટી ઓ કચેરીના આંગણે જ ટ્રાફિક નિયમનના લીરા ઉડે છે. આ વિસ્તારમા માર્ગ સલામતી પણ જોખમાઈ છે. આ સ્થિત વચ્ચે સ્થાનિક રહીશોમાં ફફડાટ પ્રવર્તયો છે. સાંકડા માર્ગ આસપાસ આડેધડ પાર્ક થતા વાહનોના લીધે અનેકવાર અકસ્માત થાય છે. સ્થાનિક રહીશો આ મામલે અનેકવાર આર ટી ઓ સમક્ષ રજુઆત કરી રહયા છે. પરંતુ જગ્યાના અભાવ વચ્ચે પાર્કીંગનો પ્રશ્ન હાલ હલ થઈ શકે તેમ ન હોવાની લાચારી પણ તંત્રએ વ્યક્ત કરી છે.

ગાંધીનગરના ગ માર્ગ પર પ્રવેશદ્વાર નજીક જ સ્થિત આર ટી ઓ કચેરીમાં પાર્કીંગ વ્યવસ્થાના નામે મીંડુ હોવાના લીધે ગ માર્ગ પર માર્ગ સલામતી જોખમમાં મુકાઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# કલોલમાં સ્વાઈન ફલુના વધુ ૨ કેસ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં આજે સ્વાઈન ફલુ પોઝીટીવના બે કેસ મળી આવ્યા છે. જે બન્ને કેસ કલોલ તાલુકામાંથી મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધીને ૧૧૪ થઈ છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાના બાલવા ગામની કિશોરીનો આજે પરીક્ષણ દરમ્યાન રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત કલોલ તાલુકાના મુબારકપુરની એક મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતાં તેણીનીને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે હાલ ૧૮ દર્દી સારવાર હેઠળ છે. જે પૈકી ૨ દર્દી વેન્ટીલેટર પર છે. અત્યાર સુધીમાં ૮૦ દર્દી સંપૂર્ણ રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ઓગષ્ટ માસ દરમ્યાન ૧૦૧ કેસ સ્વાઈન ફલુ પોઝીટીવના સામે આવ્યા છે. જિલ્લામાં સ્વાઈન ફલુથી ૧૫ વ્યક્તીના મોત થયા છે.

# શહેરમાં વરસાદી વાદળોના ઘેરાવા વચ્ચે ભેજવાળા વાતાવરણથી નગરજનો ત્રસ્ત

**વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટા યથાવત : નગરજનો મોસમની વિપરિત અસર : ભેજવાળા વાતાવરણથી ત્રસ્ત નગરજનોમાં ભાદરવો તપે તેવી આશ**



ગાંધીનગર તા ૩૧

શહેરમાં છેલ્લા ચાર દિવસથી ઘેરાયેલા વરસાદી વાદળો વરસતા નથી. સમગ્ર રાજયમાં ભારે થી અતિભારે વરસાદની આગાહી વચ્ચે શહેરમાં નાટયાત્મક વાતાવરણ પલ્ટો જોવા મળી રહયો છે. રોજબરોજ છાંટણા વરસાવી પ્રકૃતિને ભીંજવી જતા મેઘરાજાના લીધે નગરમાં વરસાદી વાતાવરણ યથાવત રહયુ છે. જયારે ભેજવાળા વાતાવરણના લીધે બેચેની અનુભવતા હવે વરસાદી વાદળો વિખેરાય તેવી પ્રબળ લાગણી નગરજનો વ્યકત કરી રહયા છે. આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળો વચ્ચે છેલ્લા ૨૪ કલાકમાં શહેરમા માત્ર ૬ મી મી વરસાદ નોંધાયો છે.

સમગ્ર રાજયમાં વરસાદી વાદળો ઘેરાયેલા છે. ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની વકી છે. રાજયના કેટલાક શહેરોમાં ભારે વરસાદના લીધે જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. ત્યારે પાટનગરમાં પણ છેલ્લા ચાર દિવસથી વરસાદી વાદળો ઘેરાયેલા છે. રોજબરોજ વરસાદ હાજરી પુરાવી જાય છે. દિવસ દરમિયાન આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો જોવા મળે છે. જયારે દિવસ દરમિયાન કયારેક તડકી છાયડીના વાતાવરણ પલ્ટા વચ્ચે વરસાદી ઝાપટા પણ

● અનુસંધાન પાન-૭ પર

# આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભા મળશે

**બદલાયેલા રાજકીય સમીકરણો પછી પ્રથમ બેઠક મળી રહી હોવાથી રાજકીય ઉત્તેજના : આજે સભ્યોની મળેલી ખાસ બેઠકમાં ૫ થી ૭ સભ્યોની ગેરહાજરીથી નેતાઓએ કવાયત હાથ ધરી : પ્રશ્નોત્તરીમાં સ્વાઈન ફ્લુ ચમકશે : આંતરિક જૂથબંધી પણ છતી થવાની ભીતિ**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે રાજકીય ઉત્તેજનાઓ વચ્ચે સામાન્ય સભા મળી રહી છે. દસ મહિના પછી આ સામાન્ય સભા મળી રહી છે. વચ્ચે બધીજ ખાસ સામાન્ય સભાઓ યોજાઈ હતી. જેથી સભ્યોને તેમના પ્રશ્નો રજુ કરવાની તક પ્રાપ્ત થઈ ન હતી જે ઉલ્લેખનીય છે.

આજે જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના અધ્યક્ષપદે બપોરે ૩ વાગે સામાન્ય સભા સરદાર હોલમાં મળશે.

નવી રચાયેલ જિલ્લા પંચાયતમાં આજે પહેલીવાર લાંબા સમય પછી પ્રશ્નોત્તરી એજન્ડામાં છે અને સભ્યોએ ૨૦થી વધુ પ્રશ્નો રજુ કર્યા છે. જેમાં સૌથી વધુ પ્રશ્નો આરોગ્ય વિભાગને લગતા રજુ થયા હોવાનું જાણવા મળેલ છે. આજની આ સામાન્યસભામાં સ્વાઈન ફ્લુનો વકરેલો રોગચાળો છવાયેલો રહેશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લા પંચાયતની પ્રશ્નોત્તરીમાં રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી ખર્ચને લઈ પણ રજુઆતો થશે તેવા સંકેતો મળી રહ્યા છે. આ ઉપરાંત પક્ષની આંતરિક જૂથબંધી છતી થાય તેવા પ્રશ્નો પણ સભ્યો દ્વારા રજુ થતાં જિલ્લા નેતાગારીએ સભ્યોને સમજાવી હાલ પ્રશ્નો પાછા ખેંચાવ્યા હોવાનું જાણવા મળેલ છે. આમ છતાં પંચાયતમાં રાજકીય ચરૂ ઉકળતો જોવા મળી રહ્યો છે.

રાજયસભાની ચૂંટણીના પરિણામ પછી બદલાયેલા રાજકીય સમીકરણોનો પડઘો પણ આ બેઠકમાં પડશે તેવી શંકાઓ હોવાથી પક્ષના મોવડીઓએ આજે ચૂંટાયેલા સભ્યોની ખાસ બેઠક પણ બોલાવી હતી. તેમાં જે સભ્યો ગેરહાજર રહ્યા હતા તેમના સંપર્કો શરૂ કરી દેવાયા છે અને શાંતિથી સભાની કામગીરી સંપન્ન થાય તે માટેની સાવચેતીના તમામ પગલાંઓ લેવાના મોવડીઓએ કવાયત પણ આરંભી દીધી છે.

● અનુસંધાન પાન-૭ પર

## પંચાયત પ્રમુખ આજે તેમની કચેરીમાં પ્રવેશ કરશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર આજે તેમના રિનોવેશન બાદ પહેલીવાર તેમની નવી કચેરીનો ચાર્જ સંભાળશે.

એક મહિના સુધી આ રિનોવેશનની કામગીરી ચાલી હતી. રૂ. બે લાખ જેટલો ખર્ચ આ રિનોવેશન પાછળ થયાનો અંદાજ છે. જેમાં અંગત સચિવ માટેનું કાર્યાલય મોટુ કરવામાં આવ્યુ છે તો ચેમ્બર થોડીક નાની કરાઈ છે. આ ઉપરાંત એન્ટી ચેમ્બર પણ થોડીક મોટી કરાઈ છે. ઉધઈ માટે ખાસ ટ્રીટમેન્ટ અને નવેસરથી વાયરીંગ પણ કરવામાં આવ્યુ છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર બપોરે ૧૨.૩૫ મિનિટે વિજય મુહૂર્તમાં તેમની નવી કચેરીમાં પ્રવેશ કરશે. આ પ્રવેશવિધિ પ્રસંગે સભ્યો ઉપરાંત જિલ્લા કોંગ્રેસના આગેવાનો પણ ઉપસ્થિત રહેનાર છે.

# શહેરના ગામોમાં પાણીના બોર નવા બન્યા પણ ચાલુ થયા નથી

**બોર બનાવાયા પણ ઇલેક્ટ્રીફિકેશનનુ કામ હજુ પણ પુરુ થયુ નથી : શહેરી વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યા યથાવત : ગ્રામજનો ત્રસ્ત**

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરના શહેરી વિસ્તારના ગામોમાં નવા બોર બનાવાયા બાદ ત્રણ મહીનાના અંતે પણ કોઈ પરિણામ મળ્યુ નથી. ટોરેન્ટ પાવર દ્વારા ઈલેક્ટ્રીફિકેશનની જરૂરી કામગીરી સંદર્ભે કામગીરીને વેગ ન અપાતા હજુ સુધી ગ્રામ્ય વિસ્તારમાં બોર ચાલુ કરી શકાયા નથી. જેના લીધે પાણીની સમસ્યા હજુ પણ હળવી થઈ નથી. જયારે પાણીનો સંપ તેમજ ટાંકીના નિર્માણની કામગીરી માટે તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવાઈ છે. જયારે પાઈપલાઈન અપગ્રેડ કરવાનુ કામ પણ હજુ બાકી છે. આવા સંજોગોમાં આગામી ઉનાળામાં પણ શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકાર શાંત પડશે કે કેમ તે અંગે સવાલ મંડરાયો છે.

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકારને ડામવા માટે તંત્ર દ્વારા પાલજ ,બાસણ , બોરીજ , ઈન્દ્રોડા તેમજ ધોળાકુવા ગામમાં અગાઉ નવા બોર બનાવાયા છે. આ બોર બનાવવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે પાણીની પોકારને ડામવા માટે હજુ સંપ તેમજ ઓવરહેડ ટાંકી બનાવાનુ કામ પણ ટુંકમાં હાથ ધરાશે. ત્યારબાદ પાણીના સપ્લાયની પાઈપલાઈન પણ અપગ્રેડ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર


## કિંમત, વેરાના દર અને બિલ બાબતે સ્પષ્ટતાઓ

સત્યમેવ જયતે ગુજરાત સરકાર

1. કેન્દ્ર સરકારના એમ.આર.ટી.પી. કાયદાની જોગવાઈઓ મુજબની કોઈપણ ચીજ–વસ્તુનું વેચાણ MRP થી વધુ કિંમતે થઈ શકે નહીં. આમ, MRP માં જી.એસ.ટી.નો સમાવેશ થઈ જ જાય છે અને MRP ઉપર જી.એસ.ટી. લગાવવો તે ગેરકાયદેસર છે.
2. દરેક નોંધાયેલ વ્યક્તિએ તેમના ધંધાના મુખ્ય સ્થળ અને વધારાના સ્થળ ઉપર સ્પષ્ટ દેખાય તે રીતે નોંધણી પ્રમાણપત્ર દર્શાવવું ફરજીયાત છે.
3. જે કરદાતા ઉચ્ચક વેરાનો લાભ મેળવતા હોય તો તેઓએ ધંધાના મુખ્ય સ્થળ અને વધારાના સ્થળ ઉપર "ઉચ્ચકવેરા પાત્ર કરદાતા" તેવા મતલબનું સાઈન બોર્ડ લગાવવાનું રહેશે.
4. ઉચ્ચકવેરાનો લાભ મેળવતા હોટલ/રેસ્ટોરન્ટ સહિતના કરદાતાએ "બિલ ઓફ સપ્લાય" આપવાનું રહેશે અને તેમાં "ઉચ્ચક વેરાપાત્ર કરદાતા, વેરો ઉઘરાવવા પાત્ર નથી" તેવું દરેક "બિલ ઓફ સપ્લાય" ઉપર લખવું ફરજીયાત રહેશે.
5 જો ઉચ્ચકવેરાનો લાભ લીધેલ ન હોય તો "ટેક્ષ ઈન્વોઈસ" આપવાના રહેશે. જો ગ્રાહક માંગે તો રૂા. ૨૦૦/– થી ઓછી કિંમતના વેચાણ માટે પણ "ટેક્ષ ઈન્વોઈસ" આપવું જરૂરી છે.
6. કાયદાની જોગવાઈ મુજબ...
   - બિલ આપવું. ● બિલ હિસાબી ચોપડે લેવું. ● બિલમાં વસુલ કરેલ વેરો સરકારી તિજોરીમાં ભરવો ફરજીયાત છે.
   - માલ કે સેવા પૂરી પાડ્યા પછી પણ બિલ નહી આપવુ તે ગેરકાયદેસર છે તેમજ માલ કે સેવા પૂરી પાડ્યા વિના માત્ર બિલો જ આપવા તે પણ ગેરકાયદેસર છે.

❋ ગ્રાહકોને વેરાના દર બાબતે કોઈ ગુંચવણ ન રહે તે માટે નીચે મુજબના વેરાના દર દર્શાવતું બોર્ડ લગાવવા હોટલ/રેસ્ટોરન્ટના કરદાતાઓને વિનંતી કરવામાં આવે છે.

| | |
|---|---|
| - ઉચ્ચક વેરાનો લાભ મેળવતા હોય તો | 5% (ગ્રાહકો પાસેથી વસુલ કરવાનો નથી) |
| - એવી હોટલ / રેસ્ટોરન્ટ કે જેમાં કોઈપણ ભાગમાં એરકન્ડીશનીંગ નથી તો | 12% |
| - એવી હોટલ / રેસ્ટોરન્ટ કે જે આંશીક / સંપૂર્ણ એરકન્ડીશન્ડ છે તો | 18% |
| - હોટલ / રેસ્ટોરન્ટમાંથી વેચાતા પેક કરેલ અને તૈયાર નમકીનના વેચાણો ઉપર વેરો | 12% |
| - હોટલ / રેસ્ટોરન્ટમાંથી અપાતા ફૂડ-પાર્સલ | જે કેટેગરીની હોટલ / રેસ્ટોરન્ટ હોય, તે મુજબના દરે વેરો |

Helpline No.: 079-26576856, 26576858, 26595000
Contact for Arrangement of Seminar : 079-26601171, 26614025
www.commercialtax.gujarat.gov.in

GST દર આ URL પર ઉપલબ્ધ છે. goo.gl/CBnu5t
Follow us on @askGST_GoI @askGSTech

કરની ચૂકવણી, દેશનું નિર્માણ
આયુક્તશ્રી, રાજ્ય કર, ગુજરાત રાજ્ય, અમદાવાદ
NATION TAX MARKET



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



જોઈએ છે
ટેલી ERP-9માં કામ કરી શકે તેવી લેડીઝ.
બાયોડેટા સાથે રૂબરૂ મળો.
સમય : ૧૨ થી ૫
ક્રિએટીવ એન્ટરપ્રાઈઝ
પ્લોટ નં. ૫૦૪, જીઆઈડીસી, સે.૨૮, ગાંધીનગર
ફોન : ૯૮૨૪૦ ૩૨૧૨૩



ટેન્ડર નોટિસ
જીયુડીસી લિ. કચેરી, ઉદ્યોગભવન, સેક્ટર–૧૧, ગાંધીનગર ખાતે કચેરી સ્ટેશનરી આઈટમો પુરી પાડનાર રસ ધરાવતી ગાંધીનગર સ્થિત એજન્સીઓ પાસેથી સિલબંધ કવરમાં તુલનાત્મક ભાવો મંગાવવામાં આવે છે. આ અન્વયે કંપની દ્વારા નિયત કરાયેલ ભાવપત્રક તા. ૦૭/૦૯/૨૦૧૭ સુધીમાં કચેરીની વેબસાઈટ www.gudcltd.com ઉપરથી ડાઉનલોડ કરી મેળવી લેવા વિનંતિ. સંપર્ક નં. ટેલિફેક્સ નં. ૨૩૨ ૪૧૮૬૫–૬૬, ૨૩૨ ૪૬૧૨૭–૨૮
CIN : U75140GJ1999SGC036051
વાઈસ પ્રેસીડેન્ટ (સીએ)



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ashirvad BENELAVE DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com